**<u>ક્રિમી.પર.અરજ નં.૧૮/૨૦૨૬</u>**
**<u>ક્રિમીનલ કેસ નં.૪૨/૨૦૨૬</u>**

**<u>ધરોઈ રેન્જ ગુના રજી નં.૦૮/૨૦૨૫-૨૬, ફોજદારી કેસ નં.૪૨/૨૬ ના કામે આક્ષેપીત ગુના- વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમ ૧૯૭૨ ની કલમ-૨(૧૬),૨(૩૫),૨(૩૬),૯,૩૯,૫૦,૫૧(૨),૫૨, ૫૫,૫૯ મુજબના કામે આરોપી ઠાકોર વિષ્ણુજી હીરાજીનાઓની ચાર્જશીટ બાદની જામીન અરજી અન્વયે હુ ક મ.</u>**

(૧) અરજી, પોલીસ પેપર્સ, ફરીયાદ વંચાણે લીધી. આ કામે ચાર્જશીટ તથા લગત નીવેદનો અને પંચનામા વંચાણે લીધા, તથા સરકાર પક્ષેથી એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે વિ.વ.શ્રી. ડી.વી.પરમાર ને સાંભળ્યા.

(૨) આરોપીની સામે ધરોઈ રેન્જ ફોરેસ્ટ ઓફીસર ધ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમ ૧૯૭૨ ની કલમ-૨(૧૬),૨(૩૫),૨(૩૬),૯,૩૯,૫૦,૫૧(૨),૫૨, ૫૫,૫૯ મુજબનો ગુનો દાખલ કરવામા આવેલ છે, અને બાદમા તેઓ સામે પુરાવાકીય કાર્યવાહી પુર્ણ થયા બાદ અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ થયેલ છે, જે સંબધે આરોપી પક્ષેથી આરોપીએ જામીન પર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૩) આરોપી તરફે વિ.વ.શ્રી. એમ.ડી.દેસાઈની રજુઆત છે કે, આ કામના આરોપીના કબજામાંથી કહેવાતો કોઈ મુદામાલ મળી આવેલ નથી. વધુમાં જણાવે છે કે આ કામે જે ઓજાર કબજે લેવામાં આવેલ છે તે તમામ એક ખેડુતના ઘરે મળી આવે તેવા છે. વધુમાં જણાવે છે કે આરોપી સામેની તપાસ પુર્ણ થયેલ છે, તેમજ ચાર્જશીટ પણ થઈ ગયેલ છે જેથી આ કામે વિશેષમાં કોઈ પણ સાહેદના પુરાવા સાથે છેડછાડની શકયતા રહેલ નથી. વધુમાં જણાવે છે કે હાલના ગુનામાં મહત્તમ સજા ૭ વર્ષ સુધીની છે અને હાલની નામ. કોર્ટને કેસ ચલાવવાની સત્તા છે. વધુમાં આરોપી સ્થાનીક રહેવાસી છે તેમજ નામ. કોર્ટ જે શરતો ફરમાવે તે મુજબ વર્તવા તૈયાર છે તે સજોગોમા તેઓને જામીન મુકત કરવા માટે રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી.એ રજુઆત કરેલ છે કે, આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો છે તેમજ હાલના આરોપી સહ આરોપી સાથે મળી શાહુડી નામનું પ્રાણી જે શીડયુઅલ– ૧ માં આવે છે તેનો શીકાર કરી ટુકડા કરી મુદામાલ સાથે મળી આવેલ છે જેથી ગુનાની ગંભીરતા ઘ્યાને લઈ જામીન અરજી રદ કરવા માટે રજુઆત છે.

(૫) બંને પક્ષોની રજુઆતો ઘ્યાને લીધી તેમજ જામીન અરજી તથા ચાર્જશીટ વંચાણે લીધા. ચાર્જશીટ ઘ્યાને લેતાં આ કામના તહોદારો વિરુધ્ધ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમ ૧૯૭૨ ની કલમ–૨(૧૬),૨(૩૫),૨(૩૬),૯,૩૯,૫૦,૫૧(૨),૫૨, ૫૫,૫૯ મુજબના ગુનાનું તહોમત મુકેલ છે. વધુમાં ચાર્જશીટ મુજબ આરોપીઅએ શાહુડી નામના પ્રાણીનો શીકાર કરી તેના ટુકડા કરી પોતાના ઘરમાં રાખી રંગે હાથ પકડાઈ ગયેલ હોવાનું આ કામે થયેલ પંચનામાથી પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે જેથી હાલના ગુનાના કામે આરોપીની પ્રત્યક્ષ સંડોવણી જણાઈ આવે છે. વધુમાં શાહુડી નામનું પ્રાણીએ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમ ૧૯૭૨ માં સને ૨૦૨૨ એમેન્ડમેન્ટ કરીને શીડયુલ –૧ માં સમાવેશ કરેલ હોવાથી સદર પ્રાણી પ્રત્યેના ગુનાઓ કોગ્નીઝેબલ હોઈ સદર ગુનો ગંભીર ગુનાની કેટેગરીમાં સમાવેશ કરેલ છે.

વધુમાં વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમ ૧૯૭૨ એ સ્પેશીયલ કાયદાઓમાં આવેલ હોવાથી નામ. સુપ્રિમકોર્ટના અનેશકુમાર વિ. સ્ટેટ ઓફ બિહારનો ચુકાદો લાગુ પડશે નહી. જેથી સદર ગુનાના કામે ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે તેમ છતાં આરોપીની પ્રત્યક્ષ સંડોવણી રેકર્ડ ઉપરથી પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. વધુમાં ચાર્ઝશીટ સાથે રજું વાઈલ્ડ લાઈફ કાઈમ કન્ટ્રોલ બ્યુરો ની એડવાઈઝરી નં.૦૧/૨૦૨૨–૨૩ તા.૦૧/ ૧૨/૨૦૨૨ ઘ્યાને લેતાં નામ. સુપ્રિમકોર્ટ ઘ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમતી કલમ–૫૧ A મુજબ સ્પેશ્યલ જામીન અંગેની જોગવાઈઓ હોઈ જામીન રદ કરવા અંગેનું સુચવેલ છે. સદર ગુનાના કામે આરોપી વિરુધ્ધ ચાર્ઝશીટ થઇ ગયેલ છે જેથી હાલના ગુનાના કામે આરોપીની પ્રત્યક્ષ સંડોવણી પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. વધુમાં હાલના કામે આરોપી વિરુધ્ધ નામ. કોર્ટમાં ચાર્ઝશીટ રજું થયેલ છે પરંતુ માત્ર ચાર્ઝશીટ થવાથી કેસના કોઇ સંજોગો બદલાતા નથી. વધુમાં આ કામે સાક્ષીઓને ધાક ધમકી આપવાની શકયતા નકારી શકાય નહી. જેથી ગુનાની ગંભીરતા તેમજ ઉપરોકત સંજોગો અને હકીકત ઘ્યાને લેતાં હાલના

**ક્રિમી.પર.અરજ નં.૧૮/૨૦૨૬**
**ક્રિમીનલ કેસ નં.૪૨/૨૦૨૬**

આરોપીને જામીન ઉપર મુકત કરતા ન્યાયોચીત જણાઇ આવતું નથી. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

ધરોઈ રેન્જ ગુના રજી નં.૦૮/૨૦૨૫–૨૬, ફોજદારી કેસ નં.૪૨/૨૬, વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમ ૧૯૭૨ ની કલમ–૨(૧૬),૨(૩૫),૨(૩૬),૯,૩૯,૫૦,૫૧(૨), પર, ૫૫,૫૯ મુજબના કામે આરોપી ઠાકોર વિષ્ણુજી હીરાજીનાઓની જામીન અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

સદરહું જામીન અરજીનું રેકર્ડ ચાર્જશીટ સાથે સામેલ રાખવું.

આજ તા.૧૦.૦૩.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ.

તારીખ : ૧૦/૦૩/૨૦૨૬
સ્થળ : સતલાસણા

(જે.ડી.પટેલ)
(જીજે.૦૧૬૧૩)
જયુડી. મેજી. ફ.ક.
સતલાસણા